# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-11-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Sunday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છમાં 679 કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

2) દિલ્હી બોમ્બ વિસ્ફોટ કેસ અંતર્ગત અમદાવાદ પોલીસે દાણીલીમડામાં 88 શંકાસ્પદોના ઘર પર દરોડા આપ્યા

3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંગીત કળાની સ્વદેશી વિરાસત જાળવવાનો સંકલ્પ લેવા આહવાન કર્યું – ગઇકાલે વડનગરથી તાનારીરી મહોત્સવ ૨૦૨૫નો શુભારંભ કરાવ્યો

4) રાજ્યમાં આવતીકાલથી ટેકાના ભાવે ડાંગર , બાજરી, જુવાર, મકાઈ, રાગીની સીધી ખરીદી શરૂ કરાશે.

--------------------------------------------------------------------------------------------

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયાં)

(હવે પછી આપ સાત વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....)

# CM VISIT - KUTCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છની એક દિવસની મુલાકાતે છે શ્રી પટેલ ના હસ્તે 679 કરોડ ના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાત મુહૂર્ત કરાશે.

કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે મુખ્યમંત્રીના હસ્તે એસ્લો સર્કલ પાસે ડો.બાબાસાહેબ આંબેડકર પ્રતિમા નું અનાવરણ કરાશે.

ગાંધીધામમાં મહાનગર પાલિકાના 176 કરોડના વિકાસ કામોના અને ભૂજમાં 503 કરોડના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# GSSSB APPOINTMENT LETTER

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , રાજ્ય પોલીસમાં 14 હજાર 507 નવી જગ્યા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે. પોલીસમાં 12 હજારથી વધુ કર્મચારીઓની ભરતી પ્રક્રિયા પૂર્ણ થવા આવી હોવાનો ઉલ્લેખ કરતા શ્રી સંઘવીએ કહ્યું, તેમને ટૂંક સમયમાં નિમણૂકપત્ર અપાશે. ગાંધીનગરમાં સરકારના વિવિધ વિભાગમાં પસંદગી પામેલા ઉમેદવારોના નિમણૂકપત્ર એનાયત કાર્યક્રમને સંબોધતાં શ્રી સંઘવીએ નવા સરકારી કર્મચારીઓને અરજદારો સાથે આદરપૂર્વક વાત કરવા અને પડકારોનો સામનો કરવાની તૈયારી રાખવા જણાવ્યું.

ઉલ્લેખનીય છે કે , આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સરકારના વિવિધ વિભાગમાં પસંદગી પામેલા ચાર હજાર 473 ઉમેદવારને નિમણૂકપત્ર એનાયત કરાયા.

. . . . . . . . . . . . .

# AHMEDABAD DANI LIMADA CHECKING

દિલ્હી બોમ્બ વિસ્ફોટ બાદ ગુજરાત પોલીસ હાઇ એલર્ટ પર છે. અમદાવાદના દાણીલીમડામાં નાયબ પોલીસ કમિશનર ઝોન- 6 ની ખાસ ટીમે સ્થાનિક પોલીસ અને ડોગ સ્કવોડ સાથે મળીને 88 શંકાસ્પદોના ઘર પર દરોડા આપ્યા છે અને દાણીલીમડા પોલીસ સ્ટેશન ઇન્સ્પેક્ટર પરિમલ દેસાઇએ કહ્યુ હતું કે છે વરિષ્ઠ અધિકારીઓ સહિતની સેક્ટર- 6 ની એક ખાસ પોલીસ ટીમ સ્થાનિક પોલીસ એનડીપીએસ એક્ટ હેઠળ તપાસ કરી રહી છે. આ કેસમાં 125 શંકાસ્પદની તપાસ થઇ રહી છે.

(બાઇટ- પરિમલ દેસાઇ, પીઆઇ, દાણીલીમડા, અમદાવાદ,)

. . . . . . . . . . . . .

# TANARIRI FESTIVAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણાના વડનગરથી તાનારીરી મહોત્સવ ૨૦૨૫નો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ સંગીત કળાની સ્વદેશી વિરાસત જાળવવાનો સંકલ્પ લેવા આહવાન કર્યું હતું.

(બાઈટ -- ભૂપેન્દ્ર પટેલ)

મધ્યપ્રદેશના ગાયિકા કલાપિની કોમકલીને તાનારીરી સંગીત સન્માન પુરસ્કાર એનાયત કરાયો હતો.આ અંગે તેમણે આ મુજબ પ્રતિભાવ આપ્યો.

(બાઈટ -- કલાપિની કોમકલી)

ઉલ્લેખનીય છે કે ભક્ત કવિ નરસિંહ મહેતાની દોહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રી તાના અને રીરીની કળાના રક્ષણ માટે આત્મબલિદાન આપ્યું હતું. તેની સ્મૃતિમાં તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨003માં તાના-રીરી મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

………………………………

# SURAT NEW REFORMS

**નવા શ્રમ સંહિતા સુધારાઓ અંગે બેંકિંગ ક્ષેત્રના સુશીલ તિવારી કહે છે "સરકારનું આ પગલું ખૂબ જ પ્રશંસનીય અને ખરેખર ઉત્તમ છે જેના કારણે સરળીકરણ થશે અને શ્રમિકોને ફાયદો થશે.**

(બાઇટ- સુશીલ તિવારી, બેંકિંગ એક્સપર્ટ, સુરત)

. . . . . . . . . . . . . .

# TEKA NA BHAV

રાજ્યના ખેડૂતો પાસેથી આવતીકાલથી ટેકાના ભાવે ડાંગર , બાજરી, જુવાર, મકાઈ, રાગીની સીધી ખરીદી શરૂ કરાશે.

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ રાજકોટમાં આ જાહેરાત કરતા કહ્યું આવતીકાલથી 31 જાન્યુઆરી 2026 સુધી આ ખરીદી અન્વયે ડાંગર માટે રાજ્યભરમાં 113 ખરીદ કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત , બાજરી માટે 150, જુવાર માટે 50, મકાઈ માટે 82 અને રાગી માટે 19 નિયત કેન્દ્ર પરથી ખરીદી થશે.

કૃષિ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા ક્વિન્ટલ દીઠ ખરીદીના જે લઘુતમ ટેકાના ભાવ જાહેર કરાયા છે તેમાં ડાંગર માટે ક્વિન્ટલ દીઠ બે હજાર 369 અને બે હજાર 389, બાજરીના ત્રણ હજાર 075, જુવાર (હાઇબ્રીડ)ના ત્રણ હજાર 999, જુવાર (માલદંડી)ના ચાર હજાર 049, મકાઈના બે હજાર 400 અને રાગી માટે પાંચ 186 ભાવ રહશે.

. . . . . . . . . . . . .

# UNITI MARCH AMRELI

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે અમરેલીમાં આજે સરદાર સર્કલ થી ભવ્ય યુનિટી માર્ચ-પદયાત્રા યોજાશે . રાજ્યમંત્રી કૌશિક વેકરીયા સહિતના મહાનુભાવો આ પદયાત્રામાં જોડાશે . જિલ્લા કલેક્ટરે નાગરિકોને આ પદયાત્રામાં મોટી સંખ્યામાં જોડાવવા અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . . .

# TAPI – SOCIAL MEDIA

તાપી જિલ્લાના પ્રગતિશીલ ચીખલદા ગામના યુવા સરપંચ રિપીન ગામિતે સોશિયલ મીડિયાને ગામના વિકાસ માટેના સાધન તરીકે અપનાવીને એક અનોખી અને પ્રેરણાદાયી પહેલ કરી છે. શ્રી ગામીતે ઇન્સ્ટાગ્રામ પર વિવિધ સરકારી યોજનાઓ અંગે નિયમિત રીતે માહિતીસભર રીલ્સ બનાવવાનું શરૂ કર્યું છે. આ રીલ્સ માત્ર મનોરંજક નથી... પરંતુ અત્યંત ઉપયોગી છે , કારણ કે તેઓ દરેક યોજના વિશે સરળ ભાષામાં , ઉદાહરણો સાથે અને લોકોને સમજાય તે રીતે માહિતી આપે છે.

ગામના એક લાભાર્થી સુરજી ગામીતે આ મુજબની માહિતી આપી.

(બાઈટ – સુરજી ગામીત, લાભાર્થી)

. . . . . . . . . . . . .

# GARDENING TRAINING

અર્બન ગ્રીન મિશન હેઠળ રાજ્ય સરકાર 18-45 વર્ષની વયના યુવાનો માટે ત્રણ દિવસની નિઃશુલ્ક બાગકામ તાલીમ આપે છે. વડોદરાના બાગાયત સહાયક નિયામક હંસા ધુડા જણાવે છે કે આઇ ખેડૂત પોર્ટલ દ્વારા પસંદ કરાયેલા તાલીમાર્થીઓને દરરોજ બસો પચાસ સ્ટાઇપેન્ડ અને લગભગ એક હજાર 500 રૂપિયાની કિંમતની બાગકામ કીટ મળે છે. તાલીમમાં મીડિયા તૈયારી અને છોડના પ્રચાર જેવા વ્યવહારુ કૌશલ્યોનો સમાવેશ થાય છે."

(બાઇટ- હંસા ધુડા, બાગાયત સહાયક નિયામક, વડોદરા)

. . . . . . . . . . . . .

# TAPI EARTHQUAKE

તાપી જિલ્લામાં ગઈકાલે દિવસ દરમ્યાન ભૂકંપના પાંચ જેટલા આંચકા અનુભવાયા.ભૂકંપનું કેન્દ્ર બિંદુ વ્યારાના કરંજવેલ પાસે મીરપુરમા નોંધાયું. ચોમાસા દરમ્યાન ભારે વરસાદને પગલે પૃથ્વીમાં પાણીનું સ્તર ઉપર આવતા આ આંચકા આવ્યા હોવાનું ભૂકંપ સંશોધન વિભાગ ગાંધીનગર દ્વારા જણાવાયું હતું.

. . . . . . . . . . . . . .